GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# રાષ્ટ્રીય પ્રગતિ માટે નવીનતા અને કુશળતા વિકાસ : એક અભ્યાસ

**મેહુલ હીરાભાઈ વોરા**

મુખ્ય શિક્ષક, કરોલી પ્રાથમિક શાળા, તા. મહેમદાવાદ, જિ. ખેડા

મો.નં. –9978100049, ઈ મેઈલ – mehulvora1380@gmail.com

**સારાંશ**

હાલના સમયમાં કોઈપણ દેશની પ્રગતિ એ મુખ્યત્વે નવીનતા એટલે કે ઈનોવેશન અને કુશળતા વિકાસ એટલે કે સ્કિલ ડેવલોપમેન્ટ ઉપર આધાર રાખે છે. માત્ર કુદરતી સંસાધનોના આધારે દેશ પ્રગતિશીલ બની શકતો નથી. દેશના નાગરિકો નાવિન્યપૂર્ણ રીતે વિચારે અને નાગરિકોમાં આવડત/કુશળતા વિકસે તો તે દેશમાં સંસાધનોનું ઉત્પાદન દેશ જાતે કરી શકે છે. તેના માટે અન્ય દેશ પાસે હાથ ફેલાવવો પડતો નથી. નવીનતા અને કુશળતા વિકાસને લીધે દેશ આત્મનિર્ભર બની શકે છે. આર્થિક રીતે મજબૂત બની શકે છે. આ લેખમાં નવીનતા અને કુશળતા વિકાસનો અર્થ, મહત્વ, શિક્ષણની ભૂમિકા, પડકારો અને ઉપાયો વિશે સમજાવવામાં આવ્યું છે.

## પરિચય

હાલ 21મી સદી એ જ્ઞાન અને ટેકનોલોજીની સદી તરીકે ઓળખાય છે. દુનિયાના તમામ દેશ માટે તેની ટેકનોલોજી ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. વિકસિત દેશ પોતાની ટેકનોલોજીને કારણે વિકસિત છે. વિકાસશીલ દેશ માટે નવીનતા અને કુશળતા વિકાસ ખૂબ જરૂરી છે. તેના દ્વારા તેઓ વિકસિત દેશ બની શકે છે. રાષ્ટ્રની પ્રગતિના બે મુખ્ય આધાર સ્તંભ નવીનતા અને કુશળતા વિકાસ છે. જો વૃદ્ધિ સમાવેશી, ટકાઉ અને દરેક નાગરિક માટે લાભકારક હશે તો જ વિકાસ અને પ્રગતિ અર્થપૂર્ણ થશે. ભારત જેવા વિકાસશીલ દેશમાં યુવાનોની સંખ્યા વધુ છે. આથી ઈનોવેશન ઉપર ભાર મૂકવામાં આવશે અને વ્યક્તિની સ્કિલ એટલે કે કુશળતાને કેન્દ્રમાં રાખવામાં આવશે તો ભારત ઝડપથી વિકસિત દેશોની શ્રેણીમાં આવી શકશે.

**નવીનતા (Innovation) નો અર્થ અને સ્વરૂપ**

ઈનોવેશન એટલે નવીનતા. નવી રીતે વિચારવું, નવી પદ્ધતિ અમલમાં મૂકવી અને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવો. આ બધું માત્ર વૈજ્ઞાનિક શોધ પૂરતું જ નથી પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે.

નવીનતાના મુખ્ય પ્રકારો નીચે મુજબ છે:

1) તકનીકી નવીનતા : નવા મશીનો, સોફ્ટવેર અને ટેકનોલોજીનો વિકાસ.

2) સામાજિક નવીનતા : સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે નવી પદ્ધતિઓ વિકસાવવી.

3) શૈક્ષણિક નવીનતા : નવી શિક્ષણ પદ્ધતિઓ અને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન.

4) આર્થિક નવીનતા : નવા વ્યવસાય મોડલ અને સ્ટાર્ટઅપ વિષે રજૂઆત.

ઈનોવેશન એ દેશની ઉત્પાદકતા વધારે છે, ગુણવત્તા સુધારે છે અને નવી રોજગાર તકો ઉભી કરે છે.

**કુશળતા વિકાસ (Skill Development) નો અર્થ અને મહત્વ**

દરેક વ્યક્તિની અંદર કોઈક ને કોઈક આવડત રહેલી હોય છે એટલે જ કુશળતા અને જેનો વિકાસ કરવો એટલે કુશળતા વિકાસ. કુશળતા વિકાસ એટલે વ્યક્તિને વ્યવસાયિક, તકનીકી અને વ્યવહારિક જ્ઞાન આપવું. જેથી તે રોજગાર મેળવવા અથવા સ્વરોજગાર માટે સક્ષમ બને. કુશળતા વિકાસના મુખ્ય ક્ષેત્રો ડિજિટલ કુશળતા, તકનીકી તાલીમ, ઉદ્યોગ સાહસિકતા, સંચાર અને નેતૃત્વ કુશળતા છે. તેનું મહત્વ– તેના લીધે બેરોજગારી ઘટે છે. માનવ સંસાધનની ગુણવત્તા વધે છે. તે આર્થિક વૃદ્ધિને વેગ આપે છે. આત્મ નિર્ભરતા વિકસાવે છે. સૌથી અગત્યનું કુશળ નાગરિકો દેશના વિકાસમાં સીધો ફાળો આપે છે.

**ઈનોવેશન અને સ્કિલ ડેવલોપમેન્ટ વચ્ચેનો સંબંધ**

નવીનતા અને કુશળતા વિકાસ એકબીજાને પૂરક છે. જો કોઈ વ્યક્તિમાં નવીન વિચારો આવશે તો તેનો અમલ કરવા માટે સ્કીલ હોવી જરૂરી છે. એ જ રીતે માણસની અંદર સ્કીલ છે તો તેની માટે નવીન વિચારો જરૂરી છે. નવીન વિચારોથી નવા અવસરો સર્જાય છે પરંતુ તે અવસરોને અમલમાં મૂકવા માટે કુશળ માનવ સંસાધન જરૂરી છે. ઉદાહરણ તરીકે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માં વધુ આગળ વધવા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

માટે કુશળતા ધરાવતા યુવાનોની જરૂર છે. એ જ રીતે રોબોટિક્સ કે ડિજિટલ ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધવા માટે કુશળતા ધરાવતા યુવાનોની જરૂર છે. માટે જ કુશળતા વિકાસ વિના નવીનતા અધૂરી રહે છે.

**શિક્ષણની ભૂમિકા**

વર્ષોથી ચાલતી આવતી પરંપરાગત શિક્ષણ પદ્ધતિ હવે એટલી અસરકારક રહી શકે તેમ નથી. ટેકનૉલોજી સાથે રહીને શિક્ષણ પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરીને માત્ર પુસ્તક ઉપર જ્ઞાન આધારિત નથી. શિક્ષણ એ ઇનોવેશન અને સ્કિલ ડેવલોપમેન્ટ નો આધાર છે. આજના યુગમાં પ્રાયોગિક અને પ્રોજેક્ટ આધારિત શિક્ષણ જરૂરી છે. સમસ્યા ઉકેલ આધારિત શિક્ષણ તેમજ ડિજિટલ શિક્ષણ પણ ખૂબ જરૂરી બની ગયું છે. એજ રીતે શાળા કોલેજમાં સ્કિલ ઉપર ભાર મૂકવામાં આવે તો ભવિષ્યમાં તે સમાજને મદદરૂપ બને છે.

**સરકાર અને સમાજની જવાબદારી**

ઇનોવેશન અને સ્કિલ ડેવલોપમેન્ટ માટે સરકાર અને સમાજ બંનેની સહિયારી જવાબદારી છે. તેના માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવું જોઈએ. સરકાર તરફથી સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટરની સ્થાપના થવી જોઈએ.યુવાનો માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન થવું જોઈએ.સરકાર દ્વારા સંશોધન માટે ફંડ ફાળવણી થવી જોઈએ. સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવું જોઈએ. સમાજ દ્વારા પણ સરકારની સાથે રહીને નવી વિચારધારાને સ્વીકૃતિ અપાવી જોઈએ.

સમાજમાં શિક્ષણ પ્રત્યે સકારાત્મક વલણ કેળવવું જોઈએ.યુવાનોને જરૂરી માર્ગદર્શન અપાવું જોઈએ.

**રાષ્ટ્રીય પ્રગતિમાં ફાળો**

ઇનોવેશન અને સ્કિલ ડેવલોપમેન્ટ ના પરિણામે અર્થવ્યવસ્થા મજબૂત બનશે.

તેના લીધે સામાજિક વિકાસ થશે. સ્કિલનો વિકાસ થવાથી નવા રોજગારનું સર્જન થશે. દેશ આત્મ નિર્ભર બનશે. આર્થિક રીતે દેશ સમૃદ્ધ બનશે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

## પડકારો

- આર્થિક સંશાધનોની મર્યાદા
- ડિજિટલ શિક્ષણ પદ્ધતિઓનો અભાવ
- ગ્રામ્ય વિસ્તારોમાં તાલીમની અછત

## સૂચનો

- ટેકનૉલોજી આધારિત શિક્ષણ ઉપર વધુ ભાર મૂકવામાં આવે.
- યોગ્ય સમયાંતરે તાલીમ
- ઉદ્યોગ અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચે જોડાણ
- ગ્રામ્ય યુવાનો માટે વિશેષ કાર્યક્રમો.

## નિષ્કર્ષ

આમ તારણ સ્વરૂપે કહી શકાય કે ઇનોવેશન અને સ્કિલ ડેવલોપમેન્ટ રાષ્ટ્રીય પ્રગતિ માટે અનિવાર્ય છે. જે દેશ પોતાના નાગરિકોને સર્જનાત્મક અને કુશળ બનાવે છે, તે દેશ આર્થિક, સામાજિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે આગળ વધે છે. સતત શીખવાની ટેવ અને નવી વિચારધારાને અપનાવીને જ કોઈ દેશ વિકસિત બની શકે છે.

## સંદર્ભ

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020

2. કુશળતા વિકાસ વિષયક સરકારી અહેવાલો

3. નવીનતા અને આર્થિક વિકાસ પર આધારિત સંશોધન લેખો